# યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૨૫ ની સરળ સમજ

## અધ્યાપક ભરતીના નિયમો અને CAS Promotion ના નિયમો

- ચિંતન મહિડા (આંકલાવ કોલેજ)

૧. આસિટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસરની સીધી ભરતી લાયકાત અને મેરીટ આધારિત યુ.જી.સી. એ આપેલ સિલેકશન કમિટીની ગાઇડલાઇન્સ પ્રમાણે કરવી. પણ આ માટે મેરીટ સ્કીમ આપેલ નથી. યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૧૮ માં દર્શાવેલ ટેબલ 3A/3B અને એ.પી.આઇ. સ્કીમ નવા રેગ્યુલેશનમાં દર્શાવેલ નથી, જેથી પ્રતિત થાય છે કે રાજય સરકાર પોતાના નિયમો બનાવી શકે અને કોલેજ/યુનિ. પોતાની રીતે પ્રતિભાશાળી અને ઇનોવેટીવ અધ્યાપકની પસંદગી કરી શકે.

૨. અધ્યાપક સહાયકની ભરતી પણ યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૧૮ માં દર્શાવેલ ટેબલ 3A/3B નવા રેગ્યુલેશનમાં દેખાતી નથી. જેથી આ ભરતી માટે રાજય સરકાર પોતાના પરિપત્ર બહાર પાડી શકે. પણ એ વાત સત્ય છે કે પહેલાની મેરીટ સિસ્ટમ હવે નાશપ્રાય થઇ ગઇ છે. આ સંદર્ભે કદાચ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોને સ્વાયત્તતા પણ આપવામાં આવે, જેમા તે ફલેકસીબલ બની પોતાને પસંદ ઉમેદવાર લઇ શકે

૩. સૌથી મોટા બદલાવમાં જે વિદ્યાર્થીઓ ૪ વર્ષનો ડિગ્રી બેચલર કોર્સ ૭૫ % સાથે પાસ કરેલ હોય (NEP પ્રમાણે) (સામાન્ય રીતે ૨૦૨૩માં  કોલેજ પ્રવેશ મેળવેલ ) તેઓ જો પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો તે અધ્યાપક  (આસિટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર) બનવા લાયક થઇ જાય. પી.એચ.ડી. માટે નેટ કે સેટ જરૂરી છે તે અલગ વાત છે.

૪. જો કોઇ ઉમેદવાર જુની સિસ્ટમ પ્રમાણે માસ્ટર ડિગ્રી ૫૫ % સાથે પાસ કરેલ હોય તો તે પણ પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો તે આસિટન્ટ પ્રોફેસર કે અધ્યાપક સહાયક બની શકે. ઉપરાંત જો જુની સિસ્ટમ પ્રમાણે માસ્ટર ડિગ્રી કરેલ હોય તો નેટ કે સેટ કરીને પણ આસિટન્ટ પ્રોફેસર બની શકાય. પણ એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર બનવા પી.એચ.ડી. જરૂરી છે.

૫. ભારતીય ભાષામાં પ્રકાશનોને પ્રોત્સાહન આપવામાં આવે.

### ૬. Notable contributions to be considered by the selection committee for recruitment and promotion of university & college teachers

સૌથી અગત્યનું : પ્રમોશન અને ભરતી માટે હવે મેરીટ સાથે નીચેના પેરામીટરસ જેનો પોઇન્ટ નં ૩.૮ માં સમાવેશ કરેલ છે, તેમા અધ્યાપકનું યોગદાન મહત્વનું બની રહેશે. લેવલ ૧૦ થી ૧૧, ૧૧ થી ૧૨, ૧૨ થી ૧૩ માં ૪ જેવા પેરામીટરમાં અધ્યાપકનું યોગદાન જરૂરી રહેશે.

(1) Innovative Teaching Contribution;
(2) Research or Teaching Lab Development;
(3) Consultancy / Sponsored Research funding as a Principal Investigator or Co-Principal Investigator;
(4) Teaching contributions in Indian languages;
(5) Teaching-Learning and Research in Indian Knowledge System;
(6) Student Internship / Project Supervision;
(7) Digital Content Creation for MOOCs;
(8) Community Engagement and Service;
(9) Startup, as per the intellectual property policies of the HEI, registered with the Registrar of Companies (ROC) as a founding promoter, successfully raising funding through government, angel or venture funds to support the startup.

આ પછીના પેજ ઉપર થોડા ઉદાહરણો આપેલા છે. લાઇબ્રેરીયન અને ફીઝીકલ ડાયરેકટર માટે જુદા પેરામીટર છે.

**Example of Notable contributions to be considered by the selection committee for recruitment and promotion of university & college teachers**

**. નવીન શૈક્ષણિક યોગદાન:**

- **ઉદાહરણ:** મોબાઇલ એન્લેડ એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને પરીક્ષાઓ માટે પ્રેક્ટિસ કરવા માટે પદ્ધતિ વિકસાવવી. વર્ચુઅલ રીયાલીટી કે ઓગમેન્ટેડ રીયાલીટીની એપ બનાવી વિદ્યાર્થીઓને ભણાવાવવું.
- **ઉદાહરણ:** વર્ચુઅલ કલેક્શન ટૂરનો આયોજિત કરવાનો, જ્યાં વિદ્યાર્થીઓ હિસ્ટરીના પાટિયા અને આર્ટીકલ્સને 3D મોડલ્સમાં જોઈ શકે.

**2. સંશોધન અથવા શિક્ષણ લેબ વિકાસ:**

- **ઉદાહરણ:** લેબમાં યાંત્રિક વિજ્ઞાનને પ્રયોગોમાં પ્રવૃત્ત કરવા માટે 3D પ્રિન્ટિંગ અને મેકેનિકલ એન્જિનિયરિંગના મશીનો સ્થાપિત કરવું.
- **ઉદાહરણ:** નાનાં અને મધ્યમ ઉદ્યોગોના વ્યવસાયિક વિકાસ માટે મેકેટિંગ લેબ વિકસાવવો.

**3. કન્સલ્ટન્સી / પ્રાયોજિત સંશોધન:**

- **ઉદાહરણ:** જો કોઈ યુનિવર્સિટીને શિક્ષણ અને નવીનતમ ટેકનોલોજી માટે માર્ગદર્શન આપવું.
- **ઉદાહરણ:** એક નવું સામાજિક અને આર્થિક અભ્યાસ વિશે સંશોધન કરવામાં સહાય કરવી, જે સરકાર માટે મહત્વપૂર્ણ છે. યુ.જી.સી. રીસર્ચ પ્રોજેક્ટ કરવો.

**4. ભારતીય ભાષાઓમાં શૈક્ષણિક યોગદાન:**

- **ઉદાહરણ:** ગુજરાતીમાં સાયન્સ અને મેડિકલ વિષયક પુસ્તકોનું અનુવાદ કરીને વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરાવવું.
- **ઉદાહરણ:** ગુજરાતી ભાષામાં ઓનલાઇન મૈત્રીક કોર્સ બનાવવો.

**5. ભારતીય જ્ઞાન પ્રણાલીમાં અભ્યાસ અને સંશોધન:**

- **ઉદાહરણ:** વૈજ્ઞાનિક સંશોધનમાં ભારતીય પરંપરાઓ અને આધુનિક પદ્ધતિઓની મિશ્રણ દ્વારા અભ્યાસ કરવો.
- **ઉદાહરણ:** ઉપનિષદોમાં આધારીત સમાજશાસ્ત્રના સિદ્ધાંતો પર સંશોધન.

**6. વિદ્યાર્થી ઈન્ટરનશિપ અથવા પ્રોજેક્ટ સુપરવિઝન:**

- **ઉદાહરણ:** વિદ્યાર્થીઓને ઈન્ટરનશિપના પ્રોજેક્ટ માટે નિર્દેશ આપવો જે સોશિયલ મિડીયામાં માર્કેટિંગથી સંબંધિત હોય.
- **ઉદાહરણ:** NEP પ્રમાણે ૬/૭/૮ સેમમાં વિદ્યાર્થીઓનો ગાઈડ કરવા

**7. ડિજિટલ સામગ્રી નિર્માણ (MOOCs માટે):**

- **ઉદાહરણ:** "વિશ્વભરમાં આરોગ્યની પદ્ધતિઓ" પર MOOCs માટે આરોગ્ય અને જીવનશૈલી માટે વિડિઓ ટ્યુટોરીયલ બનાવવું. યુ.જી.સી. સ્વયં પ્લેટફોર્મ પર મુકવો.
- **ઉદાહરણ:** "આધુનિક અર્થશાસ્ત્ર" માટે સરળ ભાષામાં બ્લોગ અથવા વિઝ્યુઅલ કન્ટેન્ટ બનાવવું.

**8. સમુદાય જોડાણ અને સેવા:**

- **ઉદાહરણ:** કૃષિ ક્ષેત્રમાં ખેડુતો માટે તાલીમ આપવી, જેમાં કૃષિ ટેકનોલોજી અને માર્કેટિંગ વિશે જ્ઞાન આપવા.
- **ઉદાહરણ:** પાટણમાં નવોદિત મહિલાઓ માટે કોમ્પ્યુટર શિક્ષણ માટે સહાય કરવું.

**9. સ્ટાર્ટઅપ અને ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી:**

- **ઉદાહરણ:** એક એડટેક સ્ટાર્ટઅપ શરૂ કરવો જે શિક્ષણને gamified બનાવે.
- **ઉદાહરણ:** બાયોટેકના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ શરૂ કરવો જે ઇનોવેટિવ મેડિકલ ઉપકરણો બનાવે.

## પબ્લીકેશન માટે

૭. રિસર્ચ પ્રકાશન / પબ્લીકેશન માટે રેગ્યુલેશન ૨૦૨૫ માં "કેર જર્નલ" કે "યુ.જી.સી અપ્રુવ જર્નલ" જેવા શબ્દો કાઢી નાખવામાં આવ્યા છે. પિઅર રિવ્યુ જર્નલમાં પ્રકાશિત પેપર માન્ય રાખવામાં આવશે. બુક ચેપ્ટર કે બુક પણ તમે રેપ્યુટેડ પ્રકાશનમાં કરાવી શકશો. પ્રકાશનની ગુણવત્તાના ભલે પિઅર રિવ્યુમાં હોય તે પ્રોપર પિઅર રિવ્યુ છે કે નહિ તેની ચકાસણી સમાલાપ કમિટી કરશે. સેલ્ફ પબ્લીકેશન માન્ય નથી. બુક ચેપ્ટર કે પુસ્તક પ્રકાશન સારા પ્રકાશન કે કોલેજ કે અકાદમી કે યુનિ. દ્વારા કરાવવું. આ કારણે કેર લીસ્ટેડ જર્નલની જરૂરિયાત ઓછી કરી નાખવામાં આવી છે, કારણ કે કલોન જર્નલ અને કેર જર્નલના નામે થતી છેતરપીંડી હોઇ શકે. આ ઉપરાંત કેર જર્નલમાં પેપર પ્રકાશિત કરવું પણ અઘરુ હતું તે સમસ્યાનો આ રેગ્યુલેશનમાં અંત લાવવામાં આવ્યો છે. CAS Promotion ની શરતોમાં પણ પિઅર રિવ્યુ જર્નલનો ઉલ્લેખ છે.

૮. પી.એચ.ડી. આસિટન્ટ પ્રોફેસર લેવલ ૧૨, એસોસિયેટ પ્રોફેસર લેવલ ૧૩ અને પ્રોફેસર લેવલ ૧૪ માટે ફરજિયાત રહેશે.  અનુભવ માટે પી.એચ.ડી/નેટ પછીનો અનુભવ ગણાશે.

૯. આ પછીના પેજમાં સીધી ભરતીથી આસિ. પ્રોફે, એસો. પ્રોફે અને પ્રોફેસરની નિમણૂક કઇ લાયકાતથી કરવામાં આવશે તેનો કોષ્ટક આપેલ છે. સૌથી મોટો ચેન્જ બેચલર ડીગ્રી સાથે પી.એચ.ડી કરી તમે ત્રણેય કેટેગરીમાં લાયકાત મેળવી શકો છો. આ ઉપરાંત તેમા પબ્લીકેશન અને અનુભવ એસો.પ્રોફેસર અને પ્રોફેસર કેડરને લાગુ પડશે. આ ઉપરાંત પોઇન્ટ ૩.૮માં જે પેરામીટરસ આપેલા છે એમા પણ પ્રદાન ફરજિયાત માંગેલ છે. અધ્યાપક સહાયક માટે આસિટન્ટ પ્રોફેસરની લાયકાત લાગુ પાડી શકાય પણ કોઇ પોઇન્ટ સીસ્ટમ કે મેરીટ સીસ્ટમ આપેલ નથી.

# સીધી ભરતી માટે **લાયકાત**

| Assistant Professor<br>(Level – 10) | Associate Professor<br>(Level – 13) | Professor<br>(Level – 14) |
|---|---|---|
| ૪ વર્ષનો ડિગ્રી બેચલર કોર્સ કરેલ હોય (NEP પ્રમાણે) (સામાન્ય રીતે ૨૦૨૩માં કોલેજ પ્રવેશ મેળવેલ) ૭૫ % સાથે પાસ તેઓ જો પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો.<br>અથવા<br>જુની સિસ્ટમ પ્રમાણે માસ્ટર ડિગ્રી ૫૫ % સાથે પાસ કરેલ હોય અને પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો.<br>અથવા<br>જુની સિસ્ટમ પ્રમાણે માસ્ટર ડિગ્રી ૫૫ % સાથે પાસ કરેલ હોય અને નેટ કે સેટ સંબધિત વિષયમાં પાસ કરે તો.<br><br>(અહીં અન્ય કોઇ મેરીટ જેવું કે ૨૦૧૮ રેગ્યુલેશનમાં હતું. ટેબલ 3A/3B કે ૩.૮ મા આપેલ પેરામીટરસનો અહી ઉલ્લેખ નથી.) | ૪ વર્ષનો ડિગ્રી બેચલર કોર્સ કરેલ હોય (NEP પ્રમાણે) (સામાન્ય રીતે ૨૦૨૩માં કોલેજ પ્રવેશ મેળવેલ) ૭૫ % સાથે પાસ તેઓ જો પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો.<br>અથવા<br>જુની સિસ્ટમ પ્રમાણે માસ્ટર ડિગ્રી ૫૫ % સાથે પાસ કરેલ હોય અને પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો.<br>ઉપરાંત<br><br>આસિ. પ્રોફે અથવા એસો.પ્રોફે તરીકેનો ૮ વર્ષનો શૈક્ષણિક કે રિસર્ચ અનુભવ ફરજિયાત. આ અનુભવ યુનિ. માન્યતા ધરાવતી પોસ્ટનો હોવો જોઇએ.<br><br>ઉપરાંત<br><br>૮ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૮ જેટલા બુક ચેપ્ટર અથવા ૧ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા બે પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન. જો એક જ કેટેગરીમાં ૮ પ્રકાશન ન થાય તો પેપર, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૮ કરી શકો. ઉદાહરણ તરીકે ૪ પેપર, ૩ ચેપ્ટર અને ૧ પેટન્ટ કમ્બાઇન થઇ ૮ થઇ જાય છે.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. | ૪ વર્ષનો ડિગ્રી બેચલર કોર્સ કરેલ હોય (NEP પ્રમાણે) (સામાન્ય રીતે ૨૦૨૩માં કોલેજ પ્રવેશ મેળવેલ) ૭૫ % સાથે પાસ તેઓ જો પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો.<br>અથવા<br>જુની સિસ્ટમ પ્રમાણે માસ્ટર ડિગ્રી ૫૫ % સાથે પાસ કરેલ હોય અને પી.એચ.ડી. સંબધિત વિષયમાં કરે તો.<br>ઉપરાંત<br><br>આસિ. પ્રોફે અથવા એસો.પ્રોફે તરીકેનો ૧૦ વર્ષનો શૈક્ષણિક કે રિસર્ચ અનુભવ ફરજિયાત. આ અનુભવ યુનિ. માન્યતા ધરાવતી પોસ્ટનો હોવો જોઇએ.<br><br>ઉપરાંત<br><br>૧૦ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૧૦ જેટલા બુક ચેપ્ટર અથવા ૪ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા ૮ પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન. જો એક જ કેટેગરીમાં ૧૦ પ્રકાશન ન થાય તો પેપર, બુકસ, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૧૦ કરી શકો. ઉદાહરણ તરીકે ૬ પેપર, ૩ ચેપ્ટર અને ૧ પેટન્ટ કમ્બાઇન થઇ ૧૦ થઇ જાય છે.<br><br>ઉપરાંત<br><br>સોલ પી.એચ.ડી. સુપરવાઇઝર તરીકે ૧ વિધાર્થીને ગાઇડ કરી પી.એચ.ડી. કરાયેલ હોવું જોઇએ અથવા કો ગાઇડ તરીકે ૨ વિધાર્થી ગાઇડ કરેલા હોવા જોઇએ.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. |

# CAS PROMOTION FOR COLLEGE TEACHER

| Assistant Professor (Level – 10 to Level – 11) | Associate Professor (Level – 11 to Level – 12) | Associate Professor (Level – 12 to Level - 13) |
|---|---|---|
| આસિ.પ્રોફેસર તરીકે લેવલ ૧૦ માં ૪ વર્ષ પૂર્ણ કર્યા હોય અને પી.એચ.ડી. ડીગ્રી ધરાવતા હોય અથવા એમ.ફીલ ધરાવતા હોય તો ૫ વર્ષ પછી અથવા માત્ર પી.જી. ડીગ્રી ધરાવતા હોય તો ૬ વર્ષ પછી.<br><br>ઉપરાંત<br><br>૨૧ દિવસનો ઓરિએનટેશન અથવા જે કંઇ નામ બદલાયું હોય જેવુ કે FIP અથવા NEP Orientation & Sensitization Programme કરવો.<br><br>ઉપરાંત<br><br>૧ રિફરેશર કોર્સ અથવા રિસર્ચ મેથોડોલોજી કોર્સ અથવા ૧ એફ.ડી.પી. પણ કરવો.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. | આસિ.પ્રોફેસર તરીકે લેવલ ૧૧ માં ૫ વર્ષ પૂર્ણ કર્યા હોય<br><br>ઉપરાંત<br><br>પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત<br><br>ઉપરાંત<br><br>૧ રિફરેશર કોર્સ અથવા રિસર્ચ મેથોડોલોજી કોર્સ અથવા ૧ એફ.ડી.પી. પણ કરવો.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. | આસિ.પ્રોફેસર તરીકે લેવલ ૧૨ માં ૩ વર્ષ પૂર્ણ કર્યા હોય<br><br>ઉપરાંત<br><br>પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત<br><br>ઉપરાંત<br><br>૧ રિફરેશર કોર્સ અથવા રિસર્ચ મેથોડોલોજી કોર્સ અથવા ૧ એફ.ડી.પી. પણ કરવો.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. |

## Professor
## (Level – 13 to Level - 14)

- એસોસિયેટ પ્રોફેસર તરીકે લેવલ ૧૩ માં ૩ વર્ષ પૂર્ણ કર્યા હોય.
- પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત.
- પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે.
- ૧૦ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૧૦ જેટલા બુક ચેપ્ટર અથવા ૩ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા ૬ પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન અથવા ૧૦ પેટન્ટ રજીસ્ટ્રેશન. જો એક જ કેટેગરીમાં ૧૦ પ્રકાશન ન થાય તો પેપર, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૧૦ કરી શકો.

# CAS PROMOTION FOR UNIVERSITY TEACHER

| Assistant Professor<br>(Level – 10 to Level – 11) | Associate Professor<br>(Level – 11 to Level – 12) | Associate Professor<br>(Level – 12 to Level - 13) |
|---|---|---|
| આસિ.પ્રોફેસર તરીકે લેવલ ૧૦ માં ૪ વર્ષ પૂર્ણ કર્યા હોય અને પી.એચ.ડી. ડીગ્રી ધરાવતા હોય અથવા એમ.ફીલ ધરાવતા હોય તો ૫ વર્ષ પછી અથવા માત્ર પી.જી. ડીગ્રી ધરાવતા હોય તો ૬ વર્ષ પછી.<br><br>ઉપરાંત<br><br>૨૧ દિવસનો ઓરિએનટેશન અથવા જે કંઇ નામ બદલાયું હોય જેવુ કે FIP અથવા NEP Orientation & Sensitization Programme કરવો.<br><br>ઉપરાંત<br><br>૧ રિફ્રેશર કોર્સ અથવા રિસર્ચ મેથોડોલોજી કોર્સ અથવા ૧ એફ.ડી.પી. પણ કરવો.<br><br>ઉપરાંત<br><br>૧ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૧ જેટલા બુક ચેપ્ટર અથવા ૧ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા બે પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન અથવા ૧ પેટન્ટ રજીસ્ટ્રેશન | આસિ.પ્રોફેસર તરીકે લેવલ ૧૧ માં ૫ વર્ષ પૂર્ણ કર્યા હોય<br><br>ઉપરાંત<br><br>પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત<br><br>ઉપરાંત<br><br>૧ રિફ્રેશર કોર્સ અથવા રિસર્ચ મેથોડોલોજી કોર્સ અથવા ૧ એફ.ડી.પી. પણ કરવો.<br><br>ઉપરાંત<br><br>૩ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૩ જેટલા બુક ચેપ્ટર અથવા ૧ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા બે પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન અથવા ૩ પેટન્ટ રજીસ્ટ્રેશન. જો એક જ કેટેગરીમાં ૩ પ્રકાશન ન થાય તો પેપર, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૩ કરી શકો.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. | આસિ.પ્રોફેસર તરીકે લેવલ ૧૨ માં ૩ વર્ષ પૂર્ણ કર્યા હોય<br><br>ઉપરાંત<br><br>પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત<br><br>ઉપરાંત<br><br>૧ રિફ્રેશર કોર્સ અથવા રિસર્ચ મેથોડોલોજી કોર્સ અથવા ૧ એફ.ડી.પી. પણ કરવો.<br><br>ઉપરાંત<br><br>૩ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૩ જેટલા બુક ચેપ્ટર અથવા ૧ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા બે પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન અથવા ૩ પેટન્ટ રજીસ્ટ્રેશન. જો એક જ કેટેગરીમાં ૩ પ્રકાશન ન થાય તો પેપર, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૩ કરી શકો.<br><br>ઉપરાંત<br><br>પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે.<br><br>ઉપરાંત<br><br>સોલ પી.એચ.ડી. સુપરવાઇઝર તરીકે ૧ વિધાર્થીને ગાઇડ કરી પી.એચ.ડી. કરાયેલ હોવું જોઇએ અથવા કો ગાઇડ તરીકે ૨ વિધાર્થી ગાઇડ કરેલા હોવા જોઇએ. |
| **Professor<br>(Level – 13 to Level - 14)** | **Professor<br>(Level – 14 to Level - 15)** | |
| એસોસિયેટ પ્રોફેસર તરીકે લેવલ ૧૩ માં ૩ વર્ષ પૂર્ણ કર્યા હોય. પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત. પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. ૩ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૩ જેટલા બુક ચેપ્ટર અથવા ૧ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા બે પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન અથવા ૩ પેટન્ટ રજીસ્ટ્રેશન. જો એક જ કેટેગરીમાં ૩ પ્રકાશન ન થાય તો પેપર, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૩ કરી શકો. સોલ પી.એચ.ડી. સુપરવાઇઝર તરીકે ૧ વિધાર્થીને ગાઇડ કરી પી.એચ.ડી. કરાયેલ હોવું જોઇએ અથવા કો ગાઇડ તરીકે ૨ વિધાર્થી ગાઇડ કરેલા હોવા જોઇએ. | પ્રોફેસર તરીકે લેવલ ૧૪ માં ૧૦ વર્ષ પૂર્ણ કર્યા હોય. પી.એચ.ડી. ડીગ્રી સંબધિત વિષયમાં ફરજિયાત. પોઇન્ટ નં ૩.૮ માં આપેલ ૯ પેરામીટરસમાંથી ૪ એરિયામાં નોંધનીય કામગીરી સાબિત કરવી પડશે. ૧૦ જેટલા પિઅર રિસર્ચ જર્નલમાં પબ્લીકેશન અથવા ૧૦ જેટલા બુક ચેપ્ટર અથવા ૩ સોલ ઓથર તરીકે પુસ્તક પ્રકાશન અથવા ૬ પુસ્તકનું કો ઓથર તરીકે પ્રકાશન અથવા ૧૦ પેટન્ટ રજીસ્ટ્રેશન. જો એક જ કેટેગરીમાં ૧૦ પ્રકાશન ન થાય તો પેપર, ચેપ્ટર અને પેટન્ટ ભેગા કરીને પણ ૧૦ કરી શકો. સોલ પી.એચ.ડી. સુપરવાઇઝર તરીકે ૫ વિધાર્થીને ગાઇડ કરી પી.એચ.ડી. કરાયેલ હોવું જોઇએ અથવા કો ગાઇડ તરીકે ૧૦ વિધાર્થી ગાઇડ કરેલા હોવા જોઇએ. | |